PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૭/કવા–૦૧/૧૭–૧૮/ 5972 તા. 26/09/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જાડેજા પંકજસીહ બચુભા,
૭/૨૧ મીલપરા કોર્નર,
સુર્યમુખી હનુમાનજી મંદીર પાસે,
રાજકોટ
મો: ૯૮૯૮૧૦૯૧૦૯

**વિષય :–ઘરવપરાશ ના વીજજોડાણ બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૪–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૭/કવા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2 )

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, મવડીરોડ પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO:- 2 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૬૭/ક્વા–૦૧/૧૭–૧૮ કમિટી મીટીંગઃ તા. ૧૧–૦૭–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: જાડેજા પંકજસીહ બચુભા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી જાડેજા પંકજસીહ બચુભા હાજર રહેલ હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : મવડીરોડ પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

## : હુકમ :

ફરીયાદ : ઘરવપરાશ ના વીજજોડાણ બાબત

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી એ, રાજકોટ તાલુકાના ગામઃ મવડી ના, રેવન્યુ સર્વે નંબર : ૧૫૬–૧, ના બીનખેતી પ્લોટ નંબરઃ ૩૦ પૈકી ની, ૨૩૩ ચોરસ વાર જમીન પર, બાંધકામ કરાયેલ મકાન મા, – નવુ સીંગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ની, નિયત અરજી ફોર્મ સાથે ના તમામ દસ્તાવેજીક પેપર્સ જોડીને – વિધીસર ની નવા જોડાણ ની અરજી ના પેપર્સ, જે અગાઉ એક માસ પહેલા પીજીવીસીએલ ની મવડીરોડ પેટા વિભાગીય કચેરી મા રજુ કરેલ હોવા છતા – સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, એક માસ જેવા ખાસા સમયગાળા પછી પણ તેઓની અરજી ની નોંધણી કરી – નોંધણીચાર્જ વસુલ કરી અને જોડાણ આપવાની કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની સવાલવાળી, સબંધક મવડીરોડ પેટા વિભાગીય કચેરી સમક્ષ રજુ કરાયેલ એવી, નવાસીંગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ની, નિયત અરજી ફોર્મ સાથે ના તમામ દસ્તાવેજીક પેપર્સ જોડીને, વિધીસર ની અરજી સાથે જોડેલ દસ્તાવેજીક પેપર્સ અભ્યાસે લેતા – ફરીયાદી અરજદાર શ્રી જાડેજા પંકજસીહ બચુભા એ, તેમની માંગણી મુજબ ના નવા જોડાણવાળી જગ્યા, જે તા.૦૧–૦૭–૨૦૦૬ ના રોજ ખરીદ દસ્તાવેજ થી, શ્રી વલ્લભભાઈ દેવશીભાઈ સોજીત્રા તથા શ્રીમતી શ્રી રસીલાબેન વલ્લભભાઈ સોજીત્રા પાસેથી ખરીદ કરેલ છે. તે મુળ જગ્યા ના, મુળ માલીક અને શ્રી જાડેજા પંકજસીહ બચુભા ને, આ જગ્યા વેચનાર એવા શ્રી વલ્લભભાઈ દેવશીભાઈ સોજીત્રા તથા શ્રીમતી શ્રી રસીલાબેન વલ્લભભાઈ સોજીત્રા ના નામ પર, અગાઉ પીજીવીસીએલ તરફથી કરાયેલ એવી પાવર ચોરી સબંધક કાર્યવાહી અન્વયે ના, પુરવણીબીલ ની રકમ, જે પીજીવીસીએલ ની બાકી લેણી વસુલાત મુજબ ની જ જગ્યા છે. આમ, – હાલ ના તબક્કે ના જોડાણ ની માંગણી મુજબ ના મકાન ની જગ્યા – જે '' અરજદાર શ્રી એ, પીજીવીસીએલ ના મુળ દેવાદાર એવા '' પાસેથી ખરીદ કરેલ હોવા ની બાબત રેકર્ડ આધારીત રીતે સ્પષ્ટ થયેલ છે. |
| ૨.૨ | ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે, '' સ્થળ ચકાસણી અને, કચેરી મા ઉપલબ્ધ રહેલ એવા દસ્તાવેજીક પેપર્સ ના આધારે '' સદર બાબત ને, સઘન પૂર્તત આપવા માટે ના ફોરમ કમિટી ના આદેશ ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, તા.૨૫–૦૭–૧૭ ના રોજ, ફરીયાદી અરજદાર શ્રી જાડેજા પંકજસીહ બચુભા ની સવાલવાળી નવા સીંગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ની અરજી વાળી, જગ્યા ની, સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી, અને સ્થળ રોજકામ કરાયેલ હતુ. આ સ્થળ રોજકામ મુજબ, '' સદર જગ્યા પર જ, અગાઉ પીજીવીસીએલ તરફથી, પાવરચોરી સબબ ની કાર્યવાહી, જે અગાઉ શ્રી વલ્લભભાઈ દેવશીભાઈ સોજીત્રા |

| | |
|---|---|
| | અને શ્રીમતી રસીલાબેન વલ્લભભાઈ સોજીત્રા ના ભોગવટા હેઠળ થયેલ હોવાની, અને તે મુજબ, પુરવણીબીલ અપાયેલ હોવાની, તથા કાનુનન કેઈસ થયેલ હોવા બાબતેની પૂર્તતા – જે અગાઉ, નિગમીત કચેરી ના લીગલ વિભાગ ના સુચન મુજબ કરાયેલ તા.૦૯–૦૩–૧૧ ના રોજ ના, સ્થળ ચકાસણી – નકશા મુજબ '' સ્પષ્ટતાઓ થયેલ છે. આમ, સદર માંગણી મુજબ ની જગ્યા પર જ અગાઉ પીજીવીસીએલ દ્વારા (૧) તા.૧૩–૧૨–૨૦૦૩ (૨) તા.૧૯–૦૫–૨૦૦૫ તથા (૩) તા.૦૭–૧૦–૦૫ ના રોજ કરાયેલ ચેકીંગ અન્વયે જણાયેલ ગેરરીતી અન્વયે ના અપાયેલ પુરવણીબીલ અને તે અન્વયે થયેલ કાનુનન કાર્યવાહી મુજબ નુ જ, એટલેકે, પીજીવીસીએલ ની બાકી લેણી વસુલાત અને કાનુનન કાર્યવાહી વાળુ જ સ્થળ હોવા સબંધક એવુ જ સ્થળ – એટલેકે, તા.૦૯–૦૩–૧૧ ના રોજ કંપની સેક્રેટરી ની હાજરી મા કરાયેલ સ્થળ રોજકામ મુજબ ની જ જગ્યા વાળુ સ્થળ – હોવાની બાબત, જે '' સ્થળ ચકાસણી અને રેકર્ડ આધારીત દસ્તાવેજીક પેપર્સ '' મુજબ સ્પષ્ટ થયેલ છે. વિશેષ મા, સદર સ્થળ ના મુળ ઉપભોકતા એવા '' શ્રી વલ્લભભાઈ દેવશીભાઈ સોજીત્રા અને શ્રીમતી રસીલાબેન વલ્લભભાઈ સોજીત્રા '' પર – પાવરચોરી સબબ ની કાર્યવાહી ને આનુષાંગીક એવી દંડનાત્મક રકમ ના પુરવણીબીલો ની કુલ રકમ રૂ. ૫૮.૭૮ લાખ ની વસુલાત અન્વયે ના, પીજીવીસીએલ દ્વારા કરાયેલ કુલ ૦૮ દાવાઓ પણ અદાલત મા કાનુનન રાહ હેઠળ ના છે. |
| <u>૨.૩</u> | આમ, ઉપરોક્ત મુદદા નં.૨.૨ મુજબ ની વિગતો ને આનુષાંગીક એવી બાબતો ને, મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, '' ફરીયાદી અરજદાર શ્રી જાડેજા પંકજસીહ બચુભા '' એ જે જગ્યા પર, નવુ સીંગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ની માંગણી કરેલ છે, તે જગ્યા પર, હાલ ના તબ્બકે, પીજીવીસીએલ ની બાકી લેણી રકમ, વસુલાત ને પાત્ર હોય, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર ગુજરાત ઈલેકટ્રીસીટી રેગ્યુલેશન કમીશન ના નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ – આ મુજબ ની, પીજીવીસીએલ ની બાકી લેણી વાળી જગ્યા પર, પીજીવીસીએલ ની બાકી લેણી રકમ વસુલાત થયા બાદ જ, નવુ જોડાણ આપી શકાય. – તે મુજબ ની જોગવાઈ ને આનુષાંગીક રહી, ફરીયાદી અરજદાર શ્રી જાડેજા પંકજસીહ બચુભા ને તેમની માંગણી મુજબ ની સદર જગ્યા પર નવુ સીંગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ આપવાની બાબત પીજીવીસીએલ માટે નિયમાધીન નથી. તે મુજબ નો અભિપ્રાય અત્રે તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી જાડેજા પંકજસીહ બચુભા એ, જે જમીન પર આવેલ મકાન મા, નવુ સીંગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ની, વિધીસર ની અરજી, જે દસ્તાવેજીક પેપર્સ સાથે રજુ કરેલ છે, તે અરજી મા દર્શાવ્યા મુજબ ના સ્થળ પર જ, અગાઉ પીજીવીસીએલ પક્ષકાર ની, બાકી રહેતી લેણી રકમ વસુલાત પાત્ર હોય, વસુલાત સબંધક એવી પીજીવીસીએલ દ્વારા કરાયેલ કાનુનન કાર્યવાહી હેઠળ નુ જ સ્થળ છે. આ બાબત ને, '' સ્થળ રોજકામ તેમજ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા ઉપલબ્ધ એવા સબંધક દસ્તાવેજીક પેપર્સ '' મુજબ, પુરતુ સમર્થન મળેલ છે. |
| <u>૩.૨</u> | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મા દર્શાવ્યા મુજબ ની વિગતે ના, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના સ્થળ પર હાલ ના તબ્બકે, પીજીવીસીએલ ની બાકી લેણી રકમ, વસુલાત ને પાત્ર હોય, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર ગુજરાત ઈલેકટ્રીસીટી રેગ્યુલેશન કમીશન ના નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ – આ મુજબ ની, પીજીવીસીએલ ની બાકી લેણી વાળી જગ્યા પર – પીજીવીસીએલ ની બાકી લેણી રકમ વસુલાત થયા બાદ જ, નવુ જોડાણ આપી શકાય. – તે મુજબ ની જોગવાઈ ને આનુષાંગીક રહી – ફરીયાદી અરજદાર શ્રી જાડેજા પંકજસીહ બચુભા ને તેમની માંગણી મુજબ ની સદર જગ્યા પર નવુ સીંગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ – જે ન આપવા બાબતેની, પીજીવીસીએલ તરફથી જે કાર્યવાહી કરાયેલ છે, તે કાર્યવાહી, નામદાર ગુજરાત ઈલેકટ્રીસીટી રેગ્યુલેશન કમીશન ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા ને આનુષાંગીક એવી, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાની, અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.-૪ :</u>**

**<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, પીજીવીસીએલ તરફથી, હાલ ના તબ્બકે, ફરીયાદી અરજદાર શ્રી જાડેજા પંકજસીહ બચુભા ને તેમની માંગણી મુજબ ની સદર જગ્યા પર નવુ સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ – જે ન આપવા બાબતેની, જે કાર્યવાહી કરાયેલ છે, તે કાર્યવાહી, નામદાર ગુજરાત ઈલેકટ્રીસીટી રેગ્યુલેશન કમીશન ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા ને આનુષાંગીક એવી, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાની – અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સામા લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.